# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ **01** — તા.**25/08/2021**

**આજ રોજ ગાંધીનગર શ્રી કમલમ કાર્યાલય ખાતે યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડો.પ્રશાંતભાઇ કોરાટના અધ્યક્ષ સ્થાને અને પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીની વિશેષ ઉપસ્થિતિમાં યુવા મોરચાની બેઠક યોજાઇ**

**પ્રદેશ મંત્રીશ્રી અને યુવા મોરચાના પ્રભારીશ્રી પંકજભાઇ ચૌધરી અને દિલ્હી પ્રદેશ મંત્રીશ્રી કુલદીપસિંહ ચહર બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.**

**યુવા મોરચા દ્વારા ગુજરાતભરમાં દરેક બુથમાં પેજ કમીટીના સભ્યોને "નમો એપ" ડાઉનલોડ કરાવશે.**

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજ રોજ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી ડો.પ્રશાંતભાઇ કોરાટના અધ્યક્ષ સ્થાને અને પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીની વિશેષ ઉપસ્થિતિમાં યુવા મોરચાની બેઠક યોજાઇ હતી જેમાં પ્રદેશ મંત્રીશ્રી અને યુવા મોરચાના પ્રભારીશ્રી પંકજભાઇ ચૌધરી અને દિલ્હી પ્રદેશ મંત્રીશ્રી કુલદીપસિંહ ચહર બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ ,મશાલ રેલી,મેરેથોન દોડ જેવા કાર્યક્રમો ગુજરાતભરમાં સફળ રીતે પૂર્ણ કરવામાં આવ્યા તે બદલ યુવા મોરચાના દરેક કાર્યકર્તાને અભિનંદન પાઠવ્યા હતા. યુવા મોરચા દ્વારા પેજ સમીતિના કાર્યમાં યુવા મોરચા અગ્રેસર રહે તેમ આહવાન કર્યુ હતું.

પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો.પ્રશાંતભાઇ કોરાટે આગામી કાર્યક્રમની વિસ્તૃત ચર્ચા કરતા જણાવ્યું કે ગુજરાત પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની સુચનાથી યુવા મોરચા દ્વારા ગુજરાતના દરેક બુથમાં દરેક બુથમાં પેજ કમીટીના સભ્યોને "નમો એપ" ડાઉનલોડ કરાવવાનું કામ હાથ ધરાશે. નમો એપના માધ્યમથી જે પણ વેચાણ થાય છે તેનો નફો સ્વચ્છ ગંગામાં ફાળો આપવામાં આવે છે તેમ શ્રી કોરાટે જણાવ્યું હતું.

આ બેઠકમાં પ્રદેશ યુવા મોરચાની ટીમ,જીલ્લાના યુવામોરચાના પ્રમુખ મહામંત્રીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)